તા.૦૧/૦૭/૨૦૨૨ શુક્રવારના રોજ ૧૧:૦૦ કલાકે સમિતિ રૂમમાં મળેલ આઇ.ટી.કમિટીની બેઠકની કાર્યવાહી નોંધ.

---

અ.મુ.સ.શ્રી(સા.ન્યા.) ના અધ્યક્ષ સ્થાને તા.૦૧/૦૭/૨૦૨૨ શુક્રવારના રોજ મળેલ આઇ.ટી.કમિટીની બેઠકમાં આ સાથેના પત્રકમાં દર્શાવેલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

ઉપસ્થિત રહેલ સર્વે અધિકારીશ્રીઓને આવકારી બેઠકની શરૂઆત કરી, બેઠકના એજન્ડાની મુદ્દાવાર ચર્ચા વિચારણા કરી આઈ.ટી. કમિટીએ નીચે મુજબ નિર્ણય કરેલ છે.

## ૧. વિભાગની દરખાસ્ત

(૧) વિભાગમાં ઇ-સરકરના યોગ્ય અમલીકરણ માટે ફાઇલો તેમજ જરૂરી કાગળો સ્કેન કરવા ૧૧-નંગ હાઇ-સ્પીડ સ્કેનર ખરીદવાની દરખાસ્ત.

| ક્રમ | નંગ | અંદાજિત ભાવ (પ્રતિ નંગ) | કુલ ભાવ રૂ. |
|---|---|---|---|
| ૧ | ૧૧ | ૫૩,૦૦૦/- | ૫,૮૩,૦૦૦/- |

ઉક્ત દરખાસ્ત બાબતે આઇ.ટી. કમિટીએ ૧૧-નંગ હાઇ સ્પિડ સ્કેનર GIL ના સ્પેશિફિકેશન મુજબ Gem Portal પરથી ખરીદી કરવાની મંજૂરી આપેલ છે.

## ૨. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી હસ્તકની દરખાસ્ત

(૧) નિયામકશ્રી(અ.જા.ક.)ની વડી કચેરી તથા જિલ્લા કચેરીઓ માટે નવા કોમ્પ્યુટર/પ્રિન્ટર/સ્કેનર ખરીદી માટે બીડ પ્રક્રિયામાં પસંદગી પામેલ L-1બીડરો પાસેથી ખરીદવાની મંજૂરી આપવા બાબતની દરખાસ્ત.

| ક્રમ | આઈટમ | નંગ | કુલ ભાવ રૂ. |
|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર | ૨૧૫ | ૮૯,૩૯,૨૭૦/- |
| ૨ | પ્રિન્ટર | ૧૧૬ | ૧૬,૩૨,૯૩૨/- |
| 3 | સ્કેનર | ૩૬ | ૯,૧૨,૬૦૦/- |
| હાર્ડવેરની ખરીદીની કુલ રકમ | | | ૧,૧૪,૮૪,૮૦૨/- |
| GIL નો કન્સલટન્ટ ચાર્જ (૩%) | | | ૩,૪૪,૫૪૪/- |
| કુલ થનાર ખર્ચ | | | ૧,૧૮,૨૯,૩૪૬/- |

તા.૧૦/૦૧/૨૦૨૨ ની આઇ.ટી. કમિટીમાં ઉક્ત હાર્ડવેરોની ખરીદી માટે કુલ રૂ.૧,૬૩,૪૦,૦૦૦/- ની મંજૂરી આપવામાં આવેલ. જે અનુસંધાને Gem Portal પર બીડની પ્રક્રિયામાં Reverse Auction થતાં નીચે મુજબ પસંદગી પામેલ L-1 બીડરોની પાસેથી ઉક્ત

હાર્ડવેરની ખરીદી કરવાની આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે. ઉક્ત બાબતે Gem Portal પરથી ખરીદી દરમિયાન ખરીદીની રકમ રૂ.૦૧ કરોડથી ઉપર જતી હોઇ, ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૩/૦૨/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ થી નક્કી કરાવામાં આવેલ સેક્રેટરિએટ ડીપાર્ટમેન્ટલ પરચેઝ સમિતી(SDPC)ની મંજૂરી મેળવવાની રહેશે. વધુમાં, ૯૫-૨૨૫૧-૦૦-૮૦૦-૦૧ સદરમાં વર્ષ-૨૦૨૨-૨૩ માટે ચાલુ ખાતામાં રૂ.૧૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાંથી રૂ.૫૦ લાખ વિભાગ(ખુદ) અને રૂ.૫૦ લાખ નિયામકશ્રી(અ.જા.ક.) માટે ફાળવેલ છે. નિયામકશ્રી(અ.જા.ક.) દ્વારા હાર્ડવેર ખરીદીનો કુલ ખર્ચ અંદાજિત રૂ.૧૨૭.૧૫ લાખ જેટલો થાય છે. તે ઉપરાંત ચાલુ વર્ષ-૨૦૨૨-૨૩ દરમિયાન આઇ.ટી. સંબંધિત રિકરિંગ ખર્ચ પણ કરવાનો થાય. આમ, સમગ્ર વિગત જોતાં નિયામકશ્રી(અ.જા.ક.)ને ફાળવેલ રૂ.૫૦ લાખની ગ્રાન્ટ ઉપરાંત વધારાની ગ્રાન્ટ માટે સુધારેલા અંદાજ દ્વારા મેળવવાની રહેશે.

| Name of Item | Name of Bidders | Make & Model quoted by bidder | Unit price in Rs. With 3 years warranty | Qty. | Total price in Rs. With 3 years warranty with tax |
|---|---|---|---|---|---|
| Computer | M/s. COMPUTRONICS MULTIVISION PRIVATE LIMITED | CMPL Gold i5 | 41578/- | 215 | 89,39,270/- |
| Printer | M/s. HELIOCENTRIX TECHNOLOGY LIMITED | HP LASERJET M208dw | 14077/- | 116 | 16,32,932/- |
| Scanner | M/s. ARMEE INFOTECH PRIVATE LIMITED | Canon DR-C230 | 25350/- | 36 | 9,12,600/- |
| Total | | | | | 1,14,84,802 |

(૨) નિયામકશ્રી(અ.જા.ક.)ની આદર્શ નિવાસી શાળા(કુમાર/કન્યા),ગાંધીનગર માટે કોમ્પ્યુટર અને પ્રિન્ટર ખરીદી બીડમાં પસંદગી પામેલ L-1 બીડર પાસેથી ખરીદવાની મંજૂરી આપવા બાબતની દરખાસ્ત.

| ક્રમ | આઇટમ | નંગ | ભાવપ્રતિ નંગ રૂ. | કુલ ભાવ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર | ૨૦ | ૩૯,૦૦૦/- | ૭,૮૦,૦૦૦/- |
| ૨ | પ્રિન્ટર | ૦૨ | ૧૭,૧૦૦/- | ૩૪,૨૦૦ |
| | | | કુલ રકમ રૂ. | ૮,૧૪,૨૦૦/- |

તા.૧૦/૦૧/૨૦૨૨ ની આઇ.ટી. કમિટીમાં ઉક્ત હાર્ડવેરોની ખરીદી માટે કુલ રૂ.૮,૧૪,૨૦૦/-ની મંજૂરી આપવામાં આવેલ. જે અનુસંધાને ૨૦-નંગ કોમ્પ્યુટરોની ખરીદી કરવા Gem Portal પર બીડની પ્રક્રિયામાં પસંદગી પામેલ L-1 બીડરની વિગતો નીચે મુજબ છે.

| Name of Item | Name of Bidders | Make & Model quoted by bidder | Unit price in Rs. With 3 years warranty | Qty. | Total price in Rs. With 3 years warranty with tax |
|---|---|---|---|---|---|
| Computer | M/s. COMPUTRONICS MULTIVISION PRIVATE LIMITED | CMPL Gold i5 | 41695/- | 20 | 8,33,900/- |

ઉક્ત બાબતે આઇ.ટી. કમિટીમાં વિગતવાર ચર્ચા કર્યા બાદ નિયામકશ્રી(અ.જા.ક.)ની ઉક્ત મુદ્દા-૦૧ ના કોષ્ટકમાં દર્શાવેલ L-1 બીડરો પાસેથી ખરીદવાના થતાં ૨૧૫-નંગ કોમ્પ્યુટર તેમજ ૧૧૬-નંગ પ્રિન્ટરમાં ઉક્ત મુદ્દા નં-૨ ની દરખાસ્તના ૨૦-નંગ કોમ્પ્યુટર તેમજ ૦૨-નંગ પ્રિન્ટરનો સમાવેશ કરી મુદ્દા-૦૧ ના કોષ્ટકમાં દર્શાવેલ L-1 બીડરો પાસેથી L-1 ભાવ પર કુલ ૨૩૫-નંગ કોમ્પ્યુટર, કુલ ૧૧૮-નંગ પ્રિન્ટર તેમજ ૩૬-નંગ સ્કેનરોની એક સાથે ખરીદી કરવા આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.

## ૩. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ કચેરી હસ્તકની દરખાસ્ત

(૧) નિયામકશ્રી(વિ.જા.ક)ની ડિજિટલ ગુજરાત પોર્ટલની શિષ્યવૃત્તિ યોજનાઓના ઓનલાઈન અમલીકરણ માટે NIC, ગાંધીનગર ખાતે આઉટસોર્સથી નીચે મુજબ મેનપાવર પુરો પાડવા બાબતે INDEXTb,ગાંધીનગર દ્વારા મેનપાવરના સુધારેલ રેટ ની વિગતો સાથેની દરખાસ્ત.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | અનુભવ | માસિક મહેનતાણું (કર વગર) |
|---|---|---|---|---|
| ૧ | ડેવલોપર(.નેટ ટેકનોલોજી) | ૧ | ૫ વર્ષ | રૂ. ૧,૦૩,૫૦૦/- |
| ૨ | ડેવલોપર(.નેટ ટેકનોલોજી) | ૧ | ૨ વર્ષ | રૂ. ૪૯,૦૯૩/- |

ઉક્ત દરખાસ્ત બાબતે આઇ.ટી. કમિટીએ INDEXTb,ગાંધીનગર દ્વારા સુધારેલ દર મુજબ માર્ચ-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ સુધીના સમયગાળા માટે NIC ખાતે આઉટસોર્સથી ઉક્ત મેનપાવર પુરા પાડવાની મંજૂરી આપેલ છે.